GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
(Accredited with A+ Grade by NAAC)
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

GTU/Advt./SV IAS Study Centre/2026/8853 Date: 18/11/2026

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)
સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર

અગત્યની સૂચનાઓ અને વિગતવાર જાહેરાત (વર્ષ ૨૦૨૬-૨૭)

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) ખાતે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ના સહયોગ હેઠળ સ્થાપિત સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર દ્વારા UPSC, GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ/કોચિંગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

- **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: ૭ ડિસેમ્બર, ૨૦૨૬ (7/12/2026) (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)**
- **ઓનલાઈન અરજી માટેની લિંક:** [Link: https://gtuadm.samarth.edu.in]

૧. કુલ બેઠકો અને અનામત નીતિ (Seat Matrix & Reservation):

- **કુલ બેઠકો:** ૫૦ (પચાસ)
- **અનામત નીતિ (Reservation Matrix):** અનામતનું વિભાજન / પ્રમાણ **ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો/ધોરણો અનુસાર (as per the norms of Govt. of Gujarat)** રહેશે.
- **દિવ્યાંગ ઉમેદવારો:** ગુજરાત રાજ્ય સરકારના નિયમો અનુસાર દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત બેઠકો ફાળવવામાં આવશે.
- **પ્રતીક્ષા યાદી (Waiting List):** ૧૦% ઉમેદવારોની વેટિંગ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઈ પસંદ થયેલ ઉમેદવાર હાજર ન થાય, સતત ગેરહાજર રહે કે અધવચ્ચે કોચિંગ છોડી દે, તો વેટિંગ યાદીના ઉમેદવારને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

૨. શૈક્ષણિક લાયકાત અને પાત્રતા (Educational Qualification & Eligibility):

૧. શૈક્ષણિક લાયકાત:

- કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સિટી / ડીમ્ડ યુનિવર્સિટીમાંથી ગુજરાત રાજ્યમાંથી સ્નાતક (UG) થયેલ હોવા જોઈએ **અથવા** ગુજરાત રાજ્યના વતની તેમજ સ્નાતક (UG) થયેલ હોવા જોઈએ.
- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.
- **વિશેષ નોંધ (સમર્થ ફોર્મ ભરતી વખતે):** ઓનલાઈન ફોર્મ ભરતી વખતે "Educational Qualification" માં દરેક ઉમેદવારે છેલ્લા વર્ષ ની ટકાવારી દર્શાવાની રહેશે. CGPA ને જે તે યુનિવર્સિટી ના નિયમો મુજબ ટકાવારી માં કન્વર્ટ કરવાની રહેશે. આ ઉપરાંત કોલેજ અને યુનિવર્સિટી નું નામ ફાઇનલ માર્કશીટ / ડિગ્રી સર્ટિફિકેટ પ્રમાણે દર્શાવાનું રહેશે.

૩. મેરિટ ગણતરીની પદ્ધતિ (Selection & Merit Criteria):

કેસીજી (KCG) અને શિક્ષણ વિભાગના પરિપત્ર અનુસાર મેરિટની ગણતરી નીચે મુજબ કરવામાં આવશે:

૧. માત્ર સ્નાતક (UG) ધરાવતા ઉમેદવારો માટે:
જે ઉમેદવારે માત્ર સ્નાતક (UG) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય, તેવા ઉમેદવાર માટે તેમની સ્નાતક કક્ષાના અંતિમ/કુલ પ્રાપ્ત થયેલ ગુણની ટકાવારી (% marks) મેરિટ તરીકે ધ્યાને લેવામાં આવશે.

૨. અનુસ્નાતક (PG) ધરાવતા ઉમેદવારો માટે:
જે ઉમેદવારે અનુસ્નાતક (PG) અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય, તેવા ઉમેદવાર માટે તેમની અનુસ્નાતક કક્ષાના અંતિમ/કુલ પ્રાપ્ત થયેલ ગુણની ટકાવારી (% marks) જ મેરિટ ગણતરી માટે ધ્યાને લેવામાં આવશે (એટલે કે PG પૂર્ણ કરેલ હોય તો UG ના ગુણ મેરિટ માટે ધ્યાને લેવાશે નહીં).

૩. ટાઈ (Tie-Breaking) કિસ્સામાં:
મેરિટ તૈયાર કર્યા બાદ જો બે કે તેથી વધુ ઉમેદવારોના મેરિટ ગુણ સમાન થાય, તો સમાનતા તોડવા માટે સૌપ્રથમ **ધોરણ-૧૨ (Std. 12th)** માં મેળવેલ ગુણની ટકાવારી ધ્યાને લેવામાં આવશે.

૪. વયમર્યાદા (Age Limit) - (અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ)

- **ઓછામાં ઓછી વય:** ૨૦ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- **વધુમાં વધુ વય:** ૩૨ વર્ષ.
- **ઉપલી વયમર્યાદામાં છૂટછાટ:**
- **બિનઅનામત (General) અને EWS:** ઉપલી વયમર્યાદામાં કોઈ છૂટછાટ મળશે નહીં.
- **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC):** વધુમાં વધુ ૩ (ત્રણ) વર્ષની છૂટછાટ.
- **અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST):** વધુમાં વધુ ૫ (પાંચ) વર્ષની છૂટછાટ.
- **માજી સૈનિક (Ex-Servicemen):** મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ ૫ (પાંચ) વર્ષની છૂટછાટ.
- **દિવ્યાંગ ઉમેદવારો (PwD):** મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ ૧૦ (દસ) વર્ષની છૂટછાટ.

૫. અગત્યની શરતો અને સૂચનાઓ

૧. દસ્તાવેજ ચકાસણી (Document Verification): શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, જાતિ પ્રમાણપત્ર, Non-Creamy Layer, EWS સર્ટીફિકેટ વગેરે સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલ તારીખની સ્થિતિએ ચકાસવામાં આવશે. ખોટી કે ભ્રામક વિગતો રજૂ કરનારની ઉમેદવારી તુરંત રદ્ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી થશે.

૨. ડિપોઝીટ (Security & Library Deposit):
- પસંદગી પામેલ ઉમેદવારે એડમિશન સમયે **રૂ. ૨,૫૦૦/- (એડમિશન ડિપોઝીટ)** અને **રૂ. ૨,૫૦૦/- (લાઈબ્રેરી ડિપોઝીટ)** એમ કુલ **રૂ. ૫,૦૦૦/-** સેન્ટર ખાતે જમા કરાવવાના રહેશે.
- ડિપોઝીટ નહીં ભરનાર ઉમેદવારનો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે નહીં.
- વર્ષના અંતે જે ઉમેદવારની હાજરી ૭૫% અથવા તેનાથી વધુ હશે, તે ઉમેદવારને ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે, તેમ જ જે ઉમેદવારે લાયબ્રેરીમાંથી લીધેલા પુસ્તકને કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વિના પરત કરેલ હશે તેમને જ લાયબ્રેરી ડીપોઝીટ પરત કરવામાં આવશે. જે ઉમેદવારની હાજરી ૭૫% થી ઓછી હશે તેમને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહિ તેમ જ જે ઉમેદવારોએ

લાયબ્રેરીમાંથી લીધેલ પુસ્તકને કોઈ નુકસાન પહોંચાડ્યું હશે કે લાયબ્રેરીનું કોઈ પુસ્તક પરત નહિ કરેલ હોય તેમને લાયબ્રેરી ડીપોઝીટ પરત મળેશે નહિ.

૩. **હાજરી:** તાલીમ વર્ગો દરમિયાન **૭૫% હાજરી ફરજિયાત** છે.

૪. **રહેવા-જમવાની વ્યવસ્થા:** યુનિવર્સિટી કે સેન્ટર દ્વારા કોઈપણ પ્રકારની હોસ્ટેલ/રહેવા-જમવાની સવલત આપવામાં આવશે નહીં. ઉમેદવારે પોતાના ખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે.

૫. **મુસાફરી ખર્ચ:** કોચિંગ વર્ગોમાં ઉપસ્થિત રહેવા માટે ઉમેદવારે કોચિંગના સ્થળે પોતાના સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

૬. **શિસ્ત:** ચાલુ કોચિંગ દરમિયાન ગેરશિસ્ત, વાંધાજનક પ્રવૃત્તિ કે અભ્યાસ સિવાયની યુનિયન/કમિટી સંબંધિત પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ઉમેદવારનો પ્રવેશ રદ્ કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટી/સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૭. **ગેરરીતિ અને અનુચિત વ્યવહાર સામે કાર્યવાહી:** ઉમેદવાર જો ઉમેદવારી માટે કોઈ સરકારી અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ વગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે, અન્ય વ્યક્તિના નામે ખોટી ઓળખ ઊભી કરશે કે કરાવશે, બનાવટી કે ચેડાં કરેલા દસ્તાવેજો રજૂ કરશે, અથવા કોઈ મહત્વની માહિતી છુપાવશે, તો તેમની ઉમેદવારી રદ્ કરવામાં આવશે.

૮. **પ્રવેશ નિયમોનું પાલન:** પસંદગી પામેલ ઉમેદવારને IAS સ્ટડી સેન્ટરના પ્રવર્તમાન નિયમો અને નિશ્ચિત શરતોને આધીન રહીને જ તાલીમ/કોચિંગ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

૯. **મેરીટ લિસ્ટ અંગે ની જાણકારી:** મેરીટ લિસ્ટ અંગે ની જાણકારી માટે ઉમેદવારોએ GTU ની વેબસાઈટ (સરક્યુલર વિભાગ) જોતા રહેવું.

૧૦. **રજૂઆતો અંગે આખરી નિર્ણય:** ઉપર દર્શાવેલ શરતો અને નિયમો અન્વયે ઉમેદવારની કોઈપણ પ્રકારની માંગણી કે રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આમ છતાં, જો કોઈ ઉમેદવાર આ અંગે લેખિત રજૂઆત કરશે, તો તેને દફ્તરે (રદ્) કરવામાં આવશે અને સંસ્થા તેનો કોઈ જવાબ આપવા માટે બંધાયેલી રહેશે નહીં.

૧૧. **ન્યાયક્ષેત્ર:** આ અંગેનો તમામ વિવાદ અમદાવાદ ન્યાયક્ષેત્ર (Jurisdiction) ને આધીન રહેશે.

૧૨. **સંપર્ક:**
એપ્લિકેશન વિગતો વિષયક માહિતી માટે કચેરી સમય દરમિયાન નીચે આપાણાં ઈમેઈલ કે ફોન નંબર ઉપર સંપર્ક કરવો.
ઈમેઈલ: gtu_svias@gtu.edu.in | **ફોન:** ૦૭૯ ૨૩૨૬૭ ૬૮૮/ ૫૫૦/ ૫૨૫
નોંધ: ફોર્મ ભરતી વખતે પોર્ટલ કે અન્ય ટેક્નિકલ સમસ્યા માટે સમર્થ પોર્ટલ પર આપેલ નંબર પર સંપર્ક કરવો.

રજિસ્ટ્રાર 18/11/25
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)